सत्यमेव जयते

દાખલ તારીખ :–૧૬ –૧૧–૨૦૧૮
નોંધણી તારીખ :–૧૬ –૧૧–૨૦૧૮
ફેંસલ તારીખ :– ૨૦ –૦૪–૨૦૨૬
સમયગાળો :– <u>વર્ષ–માસ –દિવસ</u>
૦૭– ૦૫ – ૦૦૫

# મે.ગાંધીધામનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશ્નરશ્રી (ઝેડ.જી. મોદન), લેબર કોર્ટ (જે.ડી.),ગાંધીધામ, જી. કચ્છ.

**વ.કો.(ફેટલ)અરજી નં. ૧૪/૨૦૧૮**
**આંક ::–**

**<u>ગુજરનાર રાજનાથ દદન યાદવના વારસો.</u>**

(૧) ગીતાદેવી WD/ O રાજનાથ યાદવ, (પત્નિ)
ઉ.વ. ૨૩, ધંધો–ઘરકામ
(૨) રાશન S/ O રાજનાથ યાદવ, (પુત્ર)
ઉ.વ. ૦૫, ધંધો–અભ્યાસ.
(૩) અંકિત S/ O રાજનાથ યાદવ, (પુત્ર)
ઉ.વ. ૦૩, ધંધો– કંઈ નહિ
(૪) દદન મટર યાદવ, (પિતા)
ઉ.વ. ૪૫, ધંધો–મજુરી કામ.
(૫) જોસના W/ O દદન યાદવ, (માતા)
ઉ.વ. ૪૨, ધંધો–ઘરકામ
હાલે રહે :– કાર્ગો ઝુપડા, એકતાનગર,
ગાંધીધામ–કચ્છ. **અરજદારો.....**

(અરજદાર નં. ૨ અને નં. ૩ વાળા સગીર હોઈ તેમના કુદરતી વાલી માતા અરજદાર નં.૧ મારફતે)

**વિરૂધ્ધ**

**૧.** ઓલ ઈન્ડીયા ટ્રેઈલર સીન્ડીકેટ,
શોપ નં. ૪૬, ગ્રઉન્ડ ફલોર,
કચ્છ આર્કેડ, નેશનલ હાઈવે ૮/એ,
ગાંધીધામ–કચ્છ.

**૨.** ધી ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ **(આંક–૨૨ મુજબ સુધારો)**
ગાંધીધામ–કચ્છ.

**સામાવાળા...**

**<u>બાબત</u>** **:–** **<u>કામદાર વળતર અધિનિયમ,૧૯૨૩ હેઠળ વળતર મેળવવા બાબત...</u>**

---

હાજર રહયા :– અરજદાર તરફે :– વિ.વ.શ્રી. એ.પી.લેઉવા.
સામાવાળા નં. ૧ તરફે :– વિ.વ.શ્રી. પી.વાય. અગ્રવાલ.
સામાવાળા નં. ૨ તરફે :– હાજર નથી.

---

## –:: <u>ઠ રા વ</u> ::–

(૧) હાલનાં કામનાં અરજદારોએ ગુજરનારના વારસદારો તરીકે કર્મચારી વળતર અધિનિયમ હેઠળ આ અરજી કરીને આ કામના મર્હુમનું સામાવાળાની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતના પરીણામે થયેલ મૃત્યુ બદલ વળતરની રકમ રૂા.૧૯,૦૬,૧૧૦/–(અંકે રૂપીયા ઓગણીસ લાખ છ હજાર એકસો દસ પુરા), અંતિમવિધિ ખર્ચ રૂા. ૨૦,૦૦૦/–(અંકે રૂપીયા વીસ હજાર પુરા) અને તેના પર ૫૦ % પેનલ્ટીની રકમ સહીત અકસ્માત તારીખથી ૧૨ % ના દરે ખર્ચ સહીત ચુકવી આપે તેવી દાદ માંગેલ છે.

અરજદારોની અરજીની ટુંકી હકીકત એવી છે કે, હાલના કામના અરજદાર નં.૧ ના પતિ, અરજદાર નં. ૨ થી ૩ ના પિતા તથા અરજદાર નં. ૪ થી ૫ ના પુત્ર રાજનાથ દદન યાદવ આ કામના સામવાાળા નં.૧ વાળા પાસે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તે રીતે ગુજરનાર સામવાાળા નં. ૧

વાળાના કાયદેસરના કામદાર હતા. અમો અરજદારો ગુજરનારની આવક ઉપર સંપુર્ણ આશ્રિત હતા. ગુજરનારને સામાવાળા નં.૧ વાળા માસીક રૂા.૧૮,૦૦૦/– પગાર અને અલગથી ભથ્થુ આપતા હતા. આ કામના ગુજરનાર તા.૨૧/૦૮/૨૦૧૮ ના રોજ વાહન નં.પીબી–૧૦–જીકે–૬૦૫૧ વાળા વાહનમાં એમ.એસ.ગર્ગ એક્રલીકસ ડેલો લુધીયાણા પંજાબ કંપનીમાંથી ધાગા ભરીને મુન્દ્રા ખાલી કરવા માટે તા.૨૩/૦૮/૨૦૧૮ ના રોજ રવાના થયેલ અને આડેસર સુઈ ગામથી રામદેવ હોટલ પાસે પહોંચેલા અને ટ્રકમાં પંકચર પડતા રીપેર કરવા માટે ઉતરેલ ત્યારે આ કામના સામાવાળા નં.૧ વાળાના બીજા વાહનના ડ્રાઈવર અને કલીનરે તથા અન્ય બે ઈસમોએ ભેગા મળી ગુજરનારના કબજાના ટ્રકમાંથી દોરાની ચોરી કરતા ગુજરનારે તેઓનો સામનો કરતા આરોપીઓએ ગુજરનારને ગળે ટુંપો આપી ટ્રક નીચે કચડી લાશ વરસાણા પાસે ફેકી દીધેલ. આ બનાવ તા.૨૫/૦૮/૨૦૧૮ થી તા.૨૬/૦૮/૨૦૧૮ દરમ્યાન બનેલ છે. આ અકસ્માતમાં ગુજરનાર ઉપર ટ્રક ફેરવતા માથાના ભાગે તથા શરીરના તમામ ભાગે ઈજાઓ થયેલ હતી અને તેઓ સ્થળ પર જ ગુજરી ગયેલા. અકસ્માત થયેલ ત્યારે ગુજરનારની ઉંમર ૨૮ વર્ષની હતી. સામવાળા નં.૧ ગુજરનારને માસીક રૂા.૧૮,૦૦૦/– પગાર અને અલગથી ભથ્થુ ચુકવતા હતા. જેથી કામદાર વળતર ધારા મુજબ ગણતરી કરતા હાલના અરજદારો વળતરની રકમ રૂા.૧૯,૦૬,૧૧૦/–(અંકે રૂપીયા ઓગણીસ લાખ છ હજાર એકસો દસ પુરા), અંતિમવિધિ ખર્ચ રૂા.૨૦,૦૦૦/–(અંકે રૂપીયા વીસ હજાર પુરા) મેળવવા હકકદાર થાય છે. આ કામના સામાવાળા નં.૧ વાળાએ સામાવાળા નં.૨ પાસે કલેઈમ ફોર્મ ભરેલ છે અને સામવાાળા નં.૧ વાળાએ પોલીસ નિવેદન આપેલ છે જેથી અકસ્માત અંગેની જાણ બંને સામાવાળાઓને છે. આમ આ કામના

સામાવાળાઓને અકસ્મતાની પુરેપુરી જાણ હોવા છતાં વળતરની કોઈ રકમ જમા કરાવેલ નથી કે અમો અરજદારોને કોઈપણ વળતર ચુકવેલ નથી. જેથી અમો અરજદારો ૫૦ % ના દરે થતી પેનલ્ટીની રકમ વસુલ મેળવવા હકકદાર છીએ. આ કામના બંને સામાવાળા નામદાર કોર્ટની હકુમત વિસ્તારના ગાંધીધામ ખાતે રહેતા હોય અરજી દાખલ કરી ચલાવવી નિકાલ લાવવા નામદાર કોર્ટને સંપુર્ણ હકુમત છે. આથી આ કામના સામાવાળાઓ વળતરની રકમ રૂા.૧૯,૦૬,૧૧૦/-(અંકે રૂપીયા ઓગણીસ લાખ છ હજાર એકસો દસ પુરા), અંતિમવિધિ ખર્ચ રૂા. ૨૦,૦૦૦/-(અંકે રૂપીયા વીસ હજાર પુરા) અને તેના પર ૫૦ % પેનલ્ટીની રકમ સહીત અકસ્માત તારીખથી ૧૨ % ના દરે ખર્ચ સહીત ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજી અદાલત સમક્ષ આવતાં આ કામના સામાવાળાઓને આંક-૦૬ થી નોટીસ કાઢેલ છે. જે નોટીસ સામાવાળા નં.૧ તથા નં. ૨ નાઓને બજી ગયેલ હોવા અંગેની પોષ્ટલ એકનોલેજમેન્ટ આંક-૦૭ તથા આંક-૧૭ થી રેકર્ડમાં રજુ છે.

સામાવાળા નં. ૨ **ધી ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કંપની** તરફે આંક-૧૩ થી ડીલીટ અરજી રજુ કરીને જણાવેલ છે કે, હાલના કામે વાહન **ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની** પાસેથી વાહન નં. પીબી-૧૦-જીકે. ૬૦૫૧ નો વિમો લીધેલ હોય હાલના કામે **ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કંપની**ને પક્ષકાર તરીકે ડીલીટ કરવા વિનંતી કરેલી છે. સામાવાળા નં.૨ ની સદર અરજી ઉપર અરજદારના વિ.વ.શ્રી.દ્રારા ''બીજી વિમાકંપનીને જોડવાની શરતે ડીલીટ કરવામાં આવે તો વાંધો નથી '' તે મુજબનો શેરો કરેલ છે. ત્યારબાદ અત્રેની અદાલત દ્રારા સામાવાળા નં.૨ ની સદર અરજી મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદારના વિ.વ.શ્રી. દ્રારા આંક-૨૨ થી અરજી રજુ કરીને આં ક-૦૧ વાળી અરજીમાં ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપનીના બદલ

` ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીનો સુધારો કરવા પરવાનગી આપવા વિનંતી કરેલ છે. સામાવાળા નં.૧ અને ૨ તરફે વાંધો તકરાર રેકર્ડ ઉપર ન આવતા અત્રેની અદાલત દ્વ્રારા અરજદારની સદર અરજી મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ હાલના કામે અરજદાર તરફે સુધારા અરજી રજુ કરવામાં આવેલ છે.

હાલના કામે સામાવાળા નં.૧ અને ૨ ને નોટીસ બજી ગયેલ હોવા અંગેની પોષ્ટલ એકનોલેમેન્ટ અનુક્રમે આંક–૧૭ તથા આંક–૨૪ થી રેકર્ડમાં રજુ છે. સામાવાળા નં.૧ અને નં.૨ ને પુરતી અને યોગ્ય તક આપવા છતાં સામાવાળા નં.૧ તથા નં.૨ તરફે હાજર રહી જવાબ રજુ ન થતાં અત્રેની અદાલત દ્વ્રારા અરજદારની અનુક્રમે આંક–૧૮ તથા આંક–૨૫ ની અરજી અન્વયે હુકમ કરીને સામાવાળા નં. ૧ તથા સામાવાળા નં. ૨ નો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર તરફે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

➢ **<u>મૌખીક પુરાવા</u> :–**

૧. આંક–૨૮ થી અરજદાર નં.૧ ગીતાદેવી રાજનાથ યાદવનું પુરાવાનું સોગંદનામું.

➢ **<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક/ માર્ક** |
|---|---|---|
| 1. | એફ.આઈ.આર. ની ખરી નકલની નકલ. | ૪/૧ |
| 2. | વાહન નં. પી.બી. ૧૦.જીકે. ૬૦૫૧ ની આર.સી. બુકની નકલ. | ૪/૨ |
| 3. | વાહન નં. પી.બી. ૧૦.જીકે. ૬૦૫૧ની વિમાપોલીસીની નકલ. | ૪/૩ |
| 4. | ગુજરનારના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ. | ૪/૪ |

| | | |
|---|---|---|
| 5. | ભચાઉ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૬૪૦/૧૮<br>તા. ૨૯/૦૮/૧૮ ના પેજ નં. ૧ થી ૧૦ | ૨૯/૧ |
| 6. | ફાઈનલ રીપોર્ટ પેજ નં. ૧ થી ૧૧ | ૨૯/૨ |
| 7. | સ્થાનિક જગ્યાનું પંચનામુ પેજ નં. ૧ થી ૫ | ૨૯/૩ |
| 8. | ઈન્કવેસ્ટ પંચનામુ પેજ નં. ૧ થી ૫ | ૨૯/૪ |
| 9. | ગુજરનારનો પી.એમ. રીપોર્ટ. | ૨૯/૫ |

(ત્યારબાદ અરજદાર તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, તે અંગેની આંક–૩૧ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. )

(હાલના કામે સામાવાળા નં. ૨ તરફે હાજર રહીને પુરાવો રજુ ન થતાં અરજદારની આંક–૩૩ ની અરજી અન્વયે હુકમ કરીને સામાવાળા નં. ૨ નો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

(ત્યારબાદ હાલના કામે સામાવાળા નં. ૧ તરફે વધુ પુરાવો રજુ કરવા માગતા ન હોય, તે અંગેની આંક–૩૪ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. )

(૪) અરજદાર તરફે આંક–૩૫ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓએ પોતાની વળતર અરજીની હકીકતોનું પુન:રાવર્તન કરેલ છે તેમજ અરજદારના વિ.વ.શ્રી. એ.પી.લેઉવાનાઓએ મૌખિક દલીલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો છે. તા. ૨૧/૦૮/૨૦૧૮ ના રોજ ગુજરનાર સામાવાળા નં. ૧ વાળા પાસે નોકરીની ફરજ બજાવતા હતા અને પોતાની ફરજ પર હતા ત્યારે અન્ય આરોપીઓએ ગુજરનાર ઉપર હુમલો કરેલ અને ગુજરનારને ગળે ટુંપો આપીને ટ્રક નીચે લાશ કચડી નાખેલ. આમ ગુજરનારનું મૃત્યુ સામાવાળા નં. ૧ ની ફરજ દરમ્યાન હુમલો થતાં ગુજરનારનું અવસાન થયેલ છે. હાલના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિત હોઈ અને તેઓએ વળતર અરજીમાં જણાવેલ હકીકતો પુરાવાથી પુરવાર કરેલ હોઈ અરજદારો આ કામના

સામાવાળાઓ પાસેથી અકસ્માત વળતર મેળવવા હકકદાર થાય છે તેથી સદર વળતર અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(પ) સામાવાળા નં. ૧ ના પ્રોકસી વિ.વ..શ્રી. પી.વાય. અગ્ર વાલનાઓએ મૌખિક દલીલ કરેલ છે.

(હાલના કામે સામાવાળા નં. ૨ તરફે હાજર રહી દલીલ રજુ ન થતાં અત્રેની અદાલત દ્રારા અરજદારની આંક–૩૬ ની અરજી અન્વયે હુકમ કરીને સામાવાળા નં. ૨ નો દલીલ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.)

(૬) ઉપરોકત હકીકતે સદરહું કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે મારા પુરોગામી કમિશ્નરશ્રીએ આંક–૧૯ થી નીચે મુજબનાં મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

## –:: <u>મુદ્દાઓ</u> ::–

(1) શું હાલના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિતો અને વારસો છે. ?

(2) શું ગુજરનાર સામાવાળા નં. ૧ ના કામદાર હોવાનું સાબિત થાય છે. ?

(3) ગુજરનારને સામાવાળાની નોકરી અને ફરજ બજાવતા દરમ્યાન અકસ્માત થયેલ છે ? જો હા તો અકસ્માતના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે. ?

(4) અકસ્માત સમયે ગુજરનારની ઉંમર શું હતી ? અને માસિક પગાર કેટલો મળતો હતો ?

(5) સામાવાળાઓ વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે કે કેમ ? જો હા તો કેટલી રકમ ?

(6) વિમાકંપનીની શું જવાબદારી થાય છે. ?

(7) સામાવાળાઓએ વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે ? જો હા તો શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે. ?

(8) શો આખરી હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

(1) હકારમાં.

(2) હકારમાં.

(3) હકારમાં.

(4) અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૩૦ વર્ષ અને માસિક પગાર રૂા.૮,૦૦૦/-

(5) સામાવાળા નં.૨ વળતરની રકમ રૂા. ૮,૩૧,૯૨૦/-(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા ) ચુકવવા જવાબદાર થાય છે.

(6) સામાવાળા નં.૨ વળતરની રકમ રૂા. ૮,૩૧,૯૨૦/-(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા ) તેમજ તેના ઉપર અકસ્માત તારીખથી ૧૨ % વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે.

(7) સામાવાળા નં.૧ માલિક વળતરની રકમ ઉપર ૫૦ % પેનલ્ટીની રકમ રૂા. ૪,૧૫,૯૬૦/-(અંકે રૂપીયા ચાર લાખ પંદર હજાર નવ સો સાઈઠ પુરા) ચુકવવા જવાબદાર થાય છે.સામાવાળા નં. ૨ વળતરની રકમ રૂા. ૮,૩૧,૯૨૦/-(અંકે રૂપીયા આઠ લાખ

એકત્રીસ હજાર નવ સો વીસ પુરા ) ઉપર અકસ્માત તારીખથી ૧૨ % વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે.

**(8)** આખરી હુકમ મુજબ.

**-:: <u>કા ર ણો</u> ::-**

**(૮.૧) <u>મુદ્દા નં. ૧</u> ::-**

**(૮.૧)** સદર કામે અરજદાર તથા સામાવાળા તરફે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલાં પ્રથમ વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ, ૧૯૨૩ નાં પ્રકરણ-૨ માં કરવામાં આવેલ જોગવાઈને ઘ્યાને લેવામાં આવે તો તે કેટલાક ચોકકસ વર્ગનાં માલીકો તેમના કામદારોને સંસ્થામાં કામ કરતા દરમ્યાન થયેલ અકસ્માત ઈજાનાં કારણે આવતી કાયમી આંશીક કે પુરેપુરી અશકતતા કે ઈજાનાં કારણે થતાં અકસ્માત મૃત્યુનાં કિસ્સામાં શ્રમયોગી કે તેનાં આશ્રિતોને વળતર ચુકવી આપે તે સુનિશ્ચિત કરવાનાં હેતુથી રચાવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર ઉપર સૌપ્રથમ એ હકકીત સાબીત કરવાની જવાબદારી રહેલ છે કે, અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર-માલીકનો સંબંધ છે. વધુમાં અરજદારને શારીરિક ઈજા પોતાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે. વધુમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એકટ,૧૯૨૩ માં કયાંય અકસ્માત શબ્દની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેમજ કામદાર રાજય વીમા અધિનિયમમાં પણ તેની વ્યાખ્યા નથી. પરંતુ અકસ્માતનો ડિકશનરી અર્થ એ થાય કે “કાંઈ પણ જાણ થયા વિના અણધાર્યો બનાવ.”

**(૮.૨)** ઉપરોકત મુદ્દાનું સ્વરૂપ જોતાં અરજદારો ગુજરનારનાં આશ્રિતો તથા વારસો છે કેમ તે અંગે અરજદારો તરફે રજુ અરજીમાં ગુજરનાર રાજનાથ દદન યાદવના અરજદાર નં.૧ પત્નિ, અરજદાર નં. ૨થી ૩ સગીર સંતાનો તથા અરજદાર ૪ થી ૫ પિતા-માતા થતા હોવાનું દર્શાવેલ છે. હાલના

કામે સામાવાળા નં. ૧ તથા સામાવાળા નં. ૨ તરફે હાજર રહી વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવી શકયા નથી. અરજદારોએ તેઓની સદર હકીકતનાં સમર્થનમાં અરજદાર નં. ૧ તરફે આંક–૨૮ થી સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે. સદર જુબાનીમાં સોગંદનામામાં અરજીની હકીકતો જણાવી તેને વળગી રહેલ છે. સામાવાળા નં. ૨ તરફે અરજદારની ઉલટતપાસ માટે હાજર ન હોય સામાવાળા નં. ૨ નો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. સદર હકીકતે તેઓની સામાવાળા નં. ૧ તરફે પ્રોકસી વિ.વ.શ્રી. યુ.એલ. વર્મા દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારો ગુજરનારના વારસો તથા આશ્રિતો હોવા વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સદર હકીકત બાબતે કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ ની કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે –

➢ કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં આશ્રિત એટલે મૃત્યુ પામેલા કામદારના કોઈ સગાં પૈકી–

**(૧)** વિધવા, સગીર ઔરસ અથવા દત્તક લીધેલ પુત્ર અને અપરિણીત ઔરસ અથવા દત્તક લીધેલ પુત્રી અથવા વિધવા માતા અને

**(૨)** કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરો આશ્રિત હોય તો અઢાર વર્ષની વયનો પણ અશકત પુત્ર અથવા પુત્રી,

વધુમાં વિવરણમાં જણાવેલ છે કે, પેટા–કલમ **(૧)** આ ખંડ (ડી) નાં પેટા–ખંડ **(૨)** :– આ પેટા ખંડ (૨) માં બે મુખ્ય બાબતો છે.

**(૧)** દાવેદાર સંપૂર્ણપણે તેના મૃત્યુ વખતે તેના ઉપર આશ્રિત હોવા જોઈએ, **(૨)** તે અશકત હોવા જોઈએ, **(૩)** કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરા અથવા અંશત: આશ્રિત હોય તો, **(એ)** વિધુર, (બી) માતા કે પિતા, **(સી)** સગીર અનૌરસ પુત્ર, અપરિણીત અનૌરસ પુત્રી અથવા

પરણેલી અને સગીર અથવા વિધવા અને સગીર ઔરસ અથવા અનૌરસ અથવા દત્તક લીધેલ પુત્રી, **(ડી)** સગીર ભાઈ અથવા અપરિણીત કે વિધવા બહેન, **(ઈ)** વિધવા પુત્રવધુ, **(એફ)** મૃત્યુ પામેલ પુત્રનું સગીર બાળક, **(જી)** પહેલાં મૃત્યુ પામેલી પુત્રીનું સગીર સંતાન, તેના માતા–પિતા હયાત ન હોય તો અથવા (એચ) કામદારનાં માતા–પિતા હયાત ન હોય, તો પિતામહ અથવા પિતામહી.

આમ, સદર વ્યાખ્યા મુજબ ઉપરોકત અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઈ, હાલનાં કામે અરજદારો ગુજરનારનાં પત્નિ, સગીર સંતાનો અને પિતા–માતા થાય છે. તેમજ અકસ્માત સમયે અરજદારો ગુજરનારની કમાણી ઉપર આશ્રિત હતા જેથી તેઓને ગુજરનારનાં વારસ તથા આશ્રિતો તરીકે હાલના કામે સ્વીકારવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે હાલનાં કામનાં અરજદારો ગુજરનાર સ્વ. રાજનાથ દદન યાદવના વારસો તથા આશ્રિતો હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમા ઠરાવવામાં આવે છે.

**(૯) <u>મુદા નં. ૨–૩</u> ::–**

મુદ્દા નં. ૨ તથા નં. ૩ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં. ૨ તથા નં. ૩ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

આ કામના અરજદારે પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે, ગુજરનાર સ્વ. રાજનાથ દદન યાદવ કામના સામવાાળા નં. ૧ વાળા પાસે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તે રીતે ગુજરનાર સામવાાળા નં. ૧ વાળાના કાયદેસરના કામદાર હતા.તા. ૨૧/૦૮/૨૦૧૮ ના રોજ વાહન નં

.પીબી–૧૦–જીકે–૬૦૫૧ વાળા વાહનમાં એમ.એસ. ગર્ગ એક્ષલીકસ ડેલો લુધીયાણા પંજાબ કંપનીમાંથી ધાગા ભરીને મુન્દ્રા ખાલી કરવા માટે તા. ૨૩/૦૮/૨૦૧૮ ના રોજ રવાના થયેલ અને આડેસર સુઈ ગામથી રામદેવ હોટલ પાસે પહોંચેલા અને ટ્રકમાં પંકચર પડતા રીપેર કરવા માટે ઉતરેલ ત્યારે સામાવાળા નં. ૧ વાળાના બીજા વાહનના ડ્રાઈવર અને કલીનરે તથા અન્ય બે ઈસમોએ ભેગા મળી ગુજરનારના કબજાના ટ્રકમાંથી દોરાની ચોરી કરતા ગુજરનારે તેઓનો સામનો કરતા આરોપીઓએ ગુજરનારને ગળે ટુંપો આપી ટ્રક નીચે કચડી લાશ વરસાણા પાસે ફેકી દીધેલ. આ અકસ્માતમાં ગુજરનાર ઉપર ટ્રક ફેરવતા માથાના ભાગે તથા શરીરના તમામ ભાગે ઈજાઓ થયેલ હતી અને ગુજરનારનું સ્થળ પર જ મૃત્યુ થયેલ હતું.

આ કામના સામાવાળા નં. ૧ તથા સામાવાળા નં. ૨ ને નોટીસ બજી ગયેલ હોવા છતાં હાજર રહી લેખિત જવાબ રજુ કરેલ નથી કે અરજદારની અરજીની આ હકીકતનો ખંડન કરતો વિરૂઘ્ધનો પુરાવો રજુ કરેલ નથી. અરજદાર નં. ૧ તરફે અરજીના સમર્થનમાં આંક–૨૮ થી પુરાવાનું સોગંદનામુ રજુ થયેલ છે જેની ઉલટતપાસ આ કામના સામાવાળા નં. ૧ ના પ્રોકસી વિદવાન વકીલશ્રી દવારા કરવામાં આવેલ છે. પરંતુ તેઓ વિરૂઘ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી. સામવાાળા નં. ૨ તરફે ઉલટતપાસ માટે કોઈ હાજર ન હોય સામવાાળા નં. ૨ નો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

વધુમાં હાલના કામે અરજદારો તરફે માર્ક ૨૯/૧ થી ભચાઉ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૬૪૦/૨૦૧૮ વાળી એફ.આઈ.આર.ની નકલ, માર્ક ૨૯/૨ થી ફાઈનલ રીપોર્ટ, માર્ક ૨૯/૩ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ, માર્ક ૨૯/૪ થી ઈન્કવેસ્ટ પંચનામુ, માર્ક ૨૯/૬ થી ગુજરનારનો પી.એમ. રીપોર્ટ રજુ કરેલ છે.

માર્ક ૨૯/૧ થી રજુ એફ.આઈ.આર. વંચાણે લેતા સદર ફરીયાદ ભચાઉ પોલીસ સ્ટેશનમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા શ્રી. એસ.જે. ભાટીયાનાઓએ લખાવેલ છે. જે વંચાણે લેતા અરજદારે અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન મળે છે. વધુમાં અરજદાર તરફે માર્ક ૨૯/૨ થી ફાઈનલ રીપાર્ટ, માર્ક ૨૯/૩ થી સ્થાનિક જગ્યાનું પં ચનામુ, માર્ક ૨૯/૪ થી ઈન્કવેસ્ટ પંચનામુ વિગેરે રજુ કરેલ છે જે વંચાણે લ ેવામાં આવેલ છે. આમ હાલના કામે અરજદારોએ રજુ કરેલ પોલીસ પેપર્સ વં ચાણે લેતા અરજદારની અરજીની આ હકીકતને સમર્થન મળે છે.

વધુમાં હાલના કામે અરજદારો તરફે માર્ક ૨૯/૫ થી ગુજરનારનો પી.એમ. રીપોર્ટ રજુ કરેલ છે જે વંચાણે લેતા ગુજરનારનું હેમરેજીક શોકના કારણે મૃત્યુ થયેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં હાલના કામે અરજદાર તરફે માર્ક ૪/૨ થી વાહન નં. પીબી.૧૦. જીકે. ૬૦૫૧ ની આર.સી. બુકની નકલ તથા માર્ક ૪/૩ થી આંક–૨૧ થી વાહન નં. પીબી. ૧૦.જીકે. ૬૦૫૧ ની વિમાપોલીસીની નકલ રજુ કરેલ છે. તે વંચાણે લેતા તેમાં વાહનના ઓનર તથા ઈન્સ્યોર્ડ તરીકે મેસર્સ ઓઈ ઈન્ડીયા ટ્રેઈલર સીન્ડીકેટ એટલે કે આ કામના સામાવાળા નં. ૧ નું નામ છે. વધુમાં હાલના કામે સામાવાળા નં. ૧ ને યોગ્ય અને પુરતી તક આપવા છતા હાજર રહી જવાબ રજુ કરેલ નથી પરંતુ અરજદાર નં.૧ ની ઉલટ તાપસ કરેલ છે જેના દ્વારા અરજદારની અરજીની હકીકતોને ખંડન કરતો પુરાવો રજુ કરેલ નથી કે કોઈ હકીક્ત રેકર્ડ પર લાવેલ નથી. . આથી હાલના ગુજરનાર રાજનાથ દદન યાદવ આ કામના સામાવાળા નં. ૧ ના કામદાર હોવાનું તેમજ સામાવાળા નં . ૧ હાલના કામના ગુજરનારને કામે રાખનાર માલિક હોવાનું પુરવાર થાય છે અને તેથી આ કાયદાની કલમ–૨ (એન) મુજબ ગુજરનાર સામાવાળા નં. ૧ ના કામદાર હતા અને સામાવાળા નં. ૧ આ કાયદાની કલમ–૨ (૧) (ઈ)

મુજબ માલીક છે તેવું ઠરાવવામાં આવે છે તેથી આ કામના ગુજરનાર રાજનાથ દદન યાદવ સામાવાળા નં. ૧ નાઓના કામદાર હતા અને સામાવાળા નં. ૧ નાઓને ત્યાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દરમ્યાન અજાણ્યા ઈસમો દ્રારા હુમલો કરી, ગળે ટુંપો આપી ટ્રક નીચે કચડી નાખતા ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ થયેલ આ અનુસંધાને નામદાર સુપ્રિમ કોર્ટનો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે.

**Rita Devi**

**Vs**

**New India Assurance Co. Ltd.**

**( 2000) 5 SCC 113,**

આ ચુકાદાનાં તથ્યોમાં ઓટો રીક્ષાના ડ્રાઈવરની હત્યા તેના વાહનની ચોરી કરવાના ઈરાદાથી કરવામાં આવી હતી અને મોટર વાહન અધિનિયમ, 1988 હેઠળ વળતરના હેતુસર તેનું મૃત્યુ "આકસ્મિક હત્યા" તરીકે ગણવામાં આવ્યું હતું. તેમજ આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા જે ધ્યાને લેવામાં આવેલ તેમાં પેરા નં.૧૦ મહત્વનો છે જે નીચે મુજબ છે.

10. the question therefore, is, can a murder be an accident in any given case? There is no doubt that “murder”, as it is understood, in the common parlance is a felonious act where death is caused with intent and the perpetrators of that act normally have a motive against the victim for such killing. But there are also instances where murder can be by accident on a given set of facts. The difference between a “murder” which is not an accident and a “murder” which is an accident depends on the proximity of the cause of such murder. In our opinion, if the dominant intention of the Act of felony is to kill any particular person then such killing is not an accidental murder but is a murder simpliciter, while if the cause of murder or act of murder was originally not intended and the same was caused in fur-

therance of any other felonious act then such murder is an accidental murder. "

હાલનાં કેસમાં પણ ઉપરોક્ત ચુકાદો ધ્યાને લઈએ તો જણાય છે કે હાલનાં કેસમાં પણ ડ્રાઈવરની હત્યા ટ્રકમાં ભરેલ દોરાની ચોરી કરવા માટે થયેલ છે જેથી હાલનાં કેસમાં પણ હત્યાને આકસ્મિક હત્યા તરીકે ઠરાવવામાં આવે છે તેથી મુદા નં. ૨–૩ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૦) <u>મુદ્દા નં.૪</u> ::–**

અકસ્માત વખતે ગુજરનારની ઉંમર પુરવાર કરવા બાબતે અરજદાર તરફે હાલના કામે માર્ક ૪/૪ થી ગુજરનારના ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તે વંચાણે લેતાં તેમાં ગુજરનારની જન્મ તા. ૦૧/૦૧/૧૯૮૮ દર્શાવેલ છે. હાલના કામે અકસ્માત બનાવ પોલીસ પેપર્સ પ્રમાણે તા.૨૬/૦૮/૨૦૧૮ ના રોજ બનવા પામેલ છે. વધુમાં સામાવાળા નં.૧ તથા નં. ૨ તરફે ગુજરનારની ઉંમર બાબતે વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ સંજોગોમાં અરજદાર તરફે રજુ થયેલ ડ્રાઈવીંગ લાયસન્સની નકલ ધ્યાને લેતા અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૩૦ વર્ષની હોવાનું પુરવાર થાય છે.

વધુમાં અરજદારોએ પોતાની વળતર અરજીમાં ગુજરનાર સામાવાળા નં . ૧ વાળાની નોકરી દરમ્યાન માસીક પગાર રૂા. ૧૮,૦૦૦/– તથા અલગથી ભથ્થુ ચુકવતા હોવાની હકીકત જણાવેલ છે. સામાવાળા નં. ૧ તથા નં.૨ તરફે સદર હકીકતનો ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવેલ નથી. હાલના કામે અરજદાર નં. ૧ તરફે આંક–૨૮ થી રજુ થયેલ પુરાવાના સોગંદનામાની સામાવાળા નં. ૧ ના પ્રોકસી વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ''મારા પતિને પગાર કઈ

રીતે ચુકવવામાં આવતો હતો તેની મને જાણ નથી.'' આ સંજોગોમાં શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા. ૦૧/૦૬/૨૦૧૦ નું નોટીફીકેશન વંચાણે લેતાં કલમ–૪ સ્પષ્ટીકરણ–૨ માં વધુમાં વધુ રૂા.૮,૦૦૦/– પગાર ગણવો કે તેથી ઓછો. જેથી શ્રમ અને રોજગાર મંત્રાલયનું તા.૦૧/૦૬/૨૦૧૦ નું નોટીફીકેશન ધ્યાને લેતાં અકસ્માત સમયે ગુજરનારનો માસીક પગાર રૂા. ૮૦૦૦/– હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદા નં.૪ નો જવાબ ઉપરોકત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(૧૧) <u>મુદ્દા નં.૫ થી ૭</u> ::–**

મુદ્દા નં.૫ થી નં.૭ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૫ થી નં.૭ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુકત તારણ આપવામાં આવેલ છે.

**(૧૧.૧)** હાલનાં કામે મુદ્દા નં.૫ થી નં.૭ અંગે જોતા જયારે નોકર–માલીકનાં સંબંધો સામાવાળા નં.૧ સાથે પુરવાર થયેલ હોય તથા અકસ્માત ફરજના સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા થયેલ હોય તથા તેમાં ગુજરનારનુ અવસાન થયેલ હોય ત્યારે સામાવાળાઓ પાસેથી કર્મચારી વળતર ધારાની જોગવાઈઓ મુજબ અરજદારો વળતર મેળવવા હકકદાર થતા હોવાનું પુરવાર થાય છે.

વધુમાં હાલના કામે અરજદારો તરફે માર્ક ૪/૩ થી વાહન ટેન્કર નં. નં. પીબી.૧૦. જીકે. ૬૦૫૧ ની વિમાપોલીસીની નકલ રજુ કરેલ છે. સદર પોલીસી વંચાણે લેતા પોલીસી પીરીયડ તા. ૩૦/૧૨/૨૦૧૭ થી તા. ૨૯/૧૨/૨૦૧૮ નાં રોજનો દર્શાવેલ છે. હાલના કામે અકસ્માત બનાવ પોલીસ પેપર્સ પ્રમાણે તા. ૨૬/૦૮/૨૦૧૮ ના રોજ થયેલ છે. આમ, સદર હકીકતને ધ્યાને લેતાં પોલીસી પીરીયડમા બનાવ કવર થાય છે. જેથી

તમામ હકીકતો ધ્યાને લેતાં વીમા કંપની વળતર ચુકવવા જવાબદાર થાય છે.

**(૧૧.૨)** અકસ્માતના સમયે આ કાયદાની જોગવાઈ જોતાં ગુજરનારની ઉંમર ૩૦ વર્ષ અને માસીક આવક રૂા. ૮,૦૦૦/– ઠરાવવામાં આવેલ છે. કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ની કલમ–૪ મુજબ વળતરની ગણતરી જોઈએ તો, અકસ્માતમાં થયેલ મૃત્યુના કિસ્સામાં માસીક આવકનાં ૫૦% એટલે કે રૂા. ૪,૦૦૦/– અને રીલેવન્ટ ફેકટર અનુસુચિ–૪, કલમ–૪, ૩૦ વર્ષની ઉંમર સંબંધિત અવયવ ૨૦૭.૯૮ ને ગુણતા રૂા. ૮,૩૧,૯૨૦/–(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા) આ કામના અરજદારો મેળવવા હકકદાર છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૧૧.૩)** ઉપરોકત મુદ્દાની ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર નોકરીનાં સમય દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરતા અવસાન થયેલ હોવા અંગેની હકીકત પુરવાર થયેલ હોય, અરજદાર ગુજરનારનાં આશ્રિત હોય ત્યારે તેઓ વળતર મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે. હાલના કામે બં ને સામાવાળાઓ તરફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. અરજીની નોટીશ બજી ગયા બાદ પણ તેઓ તરફે કોઈ વળતરની રકમ જમા કરાવેલ નથી. ત્યારે સ્પષ્ટપણે એ હકીકત રેકર્ડ ઉપર પુરવાર થાય છે કે, સામાવાળાઓ દ્વારા ગુજરનારનાં આશ્રિતોને વળતરની રકમ ચુકવવામાં તેઓ બેદરકાર રહેલ હોવાનું પુરવાર થાય છે. જેથી પેનલ્ટીની રકમ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈ જોતાં વીમા કંપની જવાબદાર થતી નથી. વળતરની રકમ જમા કરાવવા કાયદાનાં પ્રસ્થાપિત સીધ્ધાંત ધ્યાને લ ેતાં સામાવાળા નં.૧ એ વળતર જમા કરાવવી જોઈએ જે જમા કરાવેલ ન હોય પેનલ્ટી ચુકવવા તેઓ જવાબદાર ઠરે છે. હાલના કામે મોટર વ્હીકલ એકટ અંતર્ગતની પોલીસી હોય, તે સંજોગોમાં નામદાર સુપ્રિમકોર્ટનાં **વેદપ્રકાશ ગર્ગ વિ. પ્રેમાદેવી ૧૯૯૮ એ.સી.જે. પાના નં.૧** નાં ચુકાદામાં વ્યાજની રકમ

તે વળતરની રકમનો જ ભાગ હોઈ એમ. વી. એકટની પોલીસી અન્વયે વ્યાજની રકમની ક્ષતિપૂર્તિ કરી આપવાની જવાબદારી વીમા કંપનીની થાય છે તેમ ઠરાવેલ છે. સદર પ્રસ્થાપીત સીધ્ધાંતને ધ્યાને લેતાં વ્યાજ અંગે વીમા કંપનીની જવાબદારી ઠરાવી શકાય. જેથી ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં હાલના સામાવાળાનં. ર વળતરની રકમ રૂા.૮,૩૧,૯૨૦/–(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી ૧ર % વ્યાજ ચુકવવા જવાબદાર ઠરાવવામાં આવે છે વધુમાં પેનલ્ટી અને વ્યાજ કેટલું હોવું જોઈએ તે અંગે જોતાં કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબ ૫૦% સુધીની રકમ પેનલ્ટીની થઈ શકે. હાલના કામે સામાવાળા માલીક તરફે હાજર રહી જવાબ રજુ કરેલ ન હોય કે કોઈ જ રકમ જમા કરાવેલ ન હોય, બેદરકાર રહેલાનું પુરવાર થતું હોય તથા પેનલ્ટી શા માટે ઘટાડવી જોઈએ તે અંગે કોઈ રજુઆત કરતા ન હોય, આ કામે સામાવાળા નં. ૧ માલીક પેનલ્ટી પેટે ૫૦ % પેનલ્ટીની રકમ અરજદારોને ચુકવવા જવાબદાર થાય છે. જેથી હાલના કામમાં અકસ્માત વળતરની રકમ રૂા. ૮,૩૧,૯૨૦/–(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા) ઉપર ૫૦% પેનલ્ટીની રકમ રૂા. ૪,૧૫,૯૬૦/–(અંકે રૂપીયા ચાર લાખ પંદર હજાર નવ સો સાઈઠ પુરા) સામાવાળા નં. ૧ માલીક અરજદારોને ચુકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે. જેથી ગુજરનારનાં આશ્રિતો અરજદારો બંને સામાવાળાઓ પાસેથી વળતર, વ્યાજ તથા પેનલ્ટીની રકમ મેળવવા હકદાર બને છે તેમ ઠરાવવામાં આવે છે.

**(૧૧.૪)** વધુમાં વ્યાજ અંગે કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓમાં ૧ર% સુધીના વ્યાજની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં તથા હાલનાં તબકકે નામ. સુપ્રિમ કોર્ટે **પી. મીનારાજ**

**વિ. પી.આદિગરૂસ્વામી અને બીજાનાં, ૨૦૨૨ એ.સી.જે.પેજ નં.૧૦૦૧, ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. સી.બી. જ્યોર્જ નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૩) જી.એલ.એચ. ૩૪૪, શોભા વિ. ચેરમેન, વિઠ્ઠલરાવ શિન્દે સહકારી સાખર કારખાના લીમીટેડ એ.આઈ.આર. ૨૦૨૨ એસ.સી. પેજ નં.૧૪૧૦** નાં ચુકાદાઓમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા **ઓરીયન્ટલ ઈન્સ્યુરન્સ કું. લી. વિ. ગુલાબભાઈ બાબુભાઈનાં વારસો**ના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, "વ્યાજની જવાબદારી કમીશનર એવોર્ડ કરે તે તારીખથી નહીં પણ અકસ્માત થયા તારીખથી થાય તેમ ઠરાવવામાં આવેલ છે " વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે ટી. સી. સેલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કું. લી. અને બીજાંઓ ૨૦૧૪ એ.સી.જે. પાના નં.૪ ૮૦ નાં ચુકાદામાં, સીવીલ અપીલ નં. ૬૬૧૪/૨૦૨૧ અને સીવીલ અપીલ નં .૧૮૬૦/૨૦૨૨ નાં ચુકાદામાં અકસ્માત ઈજા તારીખથી ૧૨% વ્યાજનો હુકમ કરેલ છે. તેમજ ૨૦૦૯(૩) સી.એલ.આર. પાના નં.૭૪૧ નામદાર કલકત્તા હાઈકોર્ટનો સરબેશ્વર ભીમલાઈ બાપી ભીમલાઈ વિ. અરધેન્દુકુમાર રોય અને બીજાંઓ**નાં ચુકાદાઓમાં પ્રસ્થાપીત સીધ્ધાંતોને ધ્યાને લ ેતાં સ્પષ્ટપણે ૧૨ % સુધીનું સાદુ વ્યાજ ચુકવવા અંગનો હુકમ કરવાની જોગવાઈ છે. જે ધ્યાને લેતાં સામાવાળાનં. ૨ વળતરની રકમ રૂા. ૮,૩૧,૯૨૦/-(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી ૧૨ % વ્યાજ ચુકવવા જવાબદાર ઠરાવવામાં આવે છે અને સામાવાળા નં. ૧ માલીક વળતરની રકમ રૂા. ૮,૩૧,૯૨૦/-(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા) ઉપર ૫૦ % પેનલ્ટીની રકમ રૂા. ૪,૧૫,૯૬૦/- (અંકે રૂપીયા ચાર લાખ પંદર હજાર નવસો સાઈઠ પુરા) ચુકવવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

વધુમાં અરજદારો તરફે આંક–૦૧ ની અરજીમાં ગુજરનારની અંતિમવિધિ ખર્ચની રકમ રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપીયા વીસ હજાર પુરા) સામાવાળા પાસેથી વસુલ લેવા દાદ માંગેલ છે. કામદાર વળતર અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા હાલના કામના સામાવાળા નં. ૧ માલીકે અરજદારને અંતિમક્રિયા ખર્ચના રૂા. ૫,૦૦૦/– સુધીની જોગવાઈ છે તે ધ્યાને લેવામાં આવે છે.

**(૧૨)** ઉપરોકત મુદ્દા નં.૧ થી નં.૭ માં ચર્ચા કર્યા અનુસાર ગુજરનાર સામાવાળા નં.૧ ને ત્યાં કામ કરતા હોવાનું અને ફરજનાં સમય દરમ્યાન અને ફરજનાં ભાગરૂપે અકસ્માતમાં ઈજા થતાં તેઓનું અવસાન થયેલ હોવાનું, વધુમાં ગુજરનારનાં આશ્રિતો વળતરની રકમ, વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી વળતરની રકમ ચુકવે નહીં ત્યાં સુધીનું વાર્ષિક ૧૨% નાં સાદા વ્યાજ સાથેની રકમ સામાવાળા નં.૨ વીમા કંપની પાસેથી તથા ૫૦% પેનલ્ટીની રકમ સામાવાળા નં.૧ પાસેથી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાનાં અંતે તમામ હકીકતો ધ્યાને લેતાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૮ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

### –:: આ ખ રી હુ ક મ ::–

**(૧)** આથી અરજદારોની હાલની વળતર અરજી અશંત: મંજુર કરવામાં આવે છે.

**(૨)** હાલનાં કામે સામવાળા નં.૨ વિમાકંપનીએ વળતરની રકમ રૂા.૮,૩૧,૯૨૦/– (અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા) તથા વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી ૧૨ % વ્યાજ સહિત રકમ અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલનાં કામનાં સામાવાળા નં. ૧ માલીકે વળતરની રકમ રૂા.૮,૩૧,૯૨૦/-(અંકે રૂપીયા આઠ લાખ એકત્રીસ હજાર નવ સો વીસ પુરા) ઉપર ૫૦ % પેનલ્ટીની રકમ રૂા. ૪,૧ ૫,૯૬૦/-(અંકે રૂપીયા ચાર લાખ પંદર હજાર નવ સો સાઈઠ પુરા) અરજદારોને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના સામાવાળા નં.૧ માલીકે અંતિમક્રિયા ખર્ચના રૂા.૫,૦૦૦/- તથા હાલની અરજી ખર્ચના રૂા.૩,૦૦૦/- અરજદારને ચુકવી આપવા.

(૫) હાલનાં કામનાં સામાવાળાઓએ આ હુકમ મળ્યેથી દિન-૩૦ માં હુકમનો અમલ કરવાનો રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૦ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ:- ૨૦/૦૪/૨૦૨૬
સ્થળ :- ગાંધીધામ-કચ્છ.

**(ઝેડ.જી. મોદન)**
કમિશ્નરશ્રી ફોર વ. કો. એકટ, લેબર કોર્ટ
(જે.ડી.), ગાંધીધામ, જી. કચ્છ.
**JUDGE CODE : GJ01569**